# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE


ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૨૯ • તા.૨૮ સપ્ટેમ્બર થી ૦૪ ઓક્ટોબર ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# શ્રી અરિહંત કો-ઓપરેટિવે બેંકનો વાર્ષિક ચોખ્ખો નફો રૂા.૨.૫૨ કરોડ





Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર

સમય સાથે સતત બધુ જ બદલાય છે. બદલાતા સમય સાથે ચાલવા માટે આપણને પણ સતત બદલાવવું પડે છે. નિત નિત અપડેટ થતા રહેવું જરૂરી છે અને ખાસ કરીને વિદ્યાર્થીઓને જ્ઞાન સમજ અને શિક્ષણ પદ્ધતિને અપડેટ કરતા રહેવું જરૂરી છે.

એક દાખલો જોઈએ વર્ગમાં શિક્ષકએ વિદ્યાર્થીઓને સવાલ પૂછ્યો કે ભારતના વર્તમાન રાષ્ટ્રપતિ કોણ છે ? દરેક વિદ્યાર્થીઓ પોતાની સમજ, સૂઝ અને જ્ઞાન હતું એ રીતે જવાબ આપ્યો. પણ કોઈ સાચો જવાબ આપી શક્યા નહીં. ઘણાઓએ પ્રણવ મુર્ખજીનું નામ કહ્યુ ત્યારે શિક્ષકએ કહ્યુ ''સૌના જવાબ ખોટા છે.'' વિદ્યાર્થીઓ અચંબિત થઈ ગયા અને સઆશંકિત થઈ ટીચરને પ્રશ્ન કર્યો કે ''અગાઉ તમોએ જ ભણાવ્યું છે કે આપણા વર્તમાન રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુર્ખજી છે તો પછી અત્યારે કેમ ખોટું ? શિક્ષક વિદ્યાર્થીઓને સમજાવ્યું કે'' આપણા દેશના રાષ્ટ્રપતિની ચૂંટણી દર પાંચ વરસે થાય છે. ક્યારે આગળના જ રાષ્ટ્રપતિ ફરી ચૂંટાઈ આવે તો ક્યારે અન્ય વ્યક્તિ ચૂંટાઈ આવે એટલે તમારો જવાબ સાચો હોવા છતાં વર્તમાનમાં આ પ્રશ્નનો જવાબ ખોટો કહેવાય.

આમ આવી રીતે પ્રત્યેક વિદ્યાર્થીએ દરેક રીતે અપડેટ રહીને પોતાનું જ્ઞાન સતેજ કરવું રહ્યુ તો જ સાચો જવાબ તે આપી શકે. વિદ્યાર્થીઓને દરેક વિષયને જ્ઞાન મળે છે. માટે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ વિષયો ભણાવાય એવો માળખો ગોઠવાયો છે. ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, નાગરિક શાસ્ત્ર, પર્યાવરણ જેવા વિષયો આમાં આવરી લેવાયા છે. ભાષા અને ગણિત તો આમાં હોવાની જ. બાળકના ઉચ્ચતર વિકાસ માટે આ બધા વિષયો જરૂરી છે.

આજનો યુગ સુપર ફાસ્ટ ટેકનોલોજી અને ઈલેક્ટ્રોનિક ગેજેટ વપરાશનો યુગ છે. શાળામાં ભણાવાતા વિષયો પૂરતાં નથી. પુસ્તકિયું જ્ઞાન ભણાવવા કરતાં ટેકનોલોજીનું જ્ઞાન મળે એ ખાસ જરૂરી છે. પુસ્તકિયા શિક્ષણ ગોખીને પરીક્ષામાં સારા માર્કસ મેળવાની સ્પર્ધા થાય તેના કરતાં સમજણ શક્તિ વિકસે, આધુનિક વિજ્ઞાન દ્વારા જ્ઞાન મળે એવું જીવન ઉપયોગી અને વર્તમાન તથા ભવિષ્ય ઉજ્જ્વળ કરે એવા જ્ઞાન વર્ધક વિષયો હોવા જરૂરી છે. ઈતિહાસમાં પાણીપતનું યુદ્ધ, મોગલ કાળ, લોધી વંશ વિગેરેમાં ઈતિહાસની જાણકારી જરૂરી છે. પણ વ્યવહારમાં ઉપયોગી ખરેખર છે? એની ઉપર વિશદ ચર્ચા શિક્ષણ શાસ્ત્રીઓ એ કરી એનું તારણ રજૂ કરવું જોઈએ.

ટેકનોલોજીના આધુનિક યુગમાં પુસ્તકના જ્ઞાન સાથે કોમ્પ્યુટર, લેપટોપ, ઈન્ટરનેટ શું છે. તેની સમજ તેનો ઉપયોગ કરી જીવન વિકાસ થાય. દરેક રીતે ઉપયોગી થાય તેની પ્રાયોગિક કેળવણી મળે એ જરૂરી છે અને એજ ખરેખર ઉપયોગી જ્ઞાન સમજ શિક્ષણ છે. આજના જમાનામાં જરૂરી થઈ ગયેલા આ વિષયો જો શાળા કાળમાં દાખલ કરાય, તેનો સર્વાંગી શિક્ષણ બાળકોને મળતો થાય તો વિદ્યાર્થીઓને સાચી દિશા વિદ્યાર્થી કાળ દરમ્યાન મળી શકે. સાથો સાથ કાયદાઓની સમજ અપાયતો સજાગ અને જાગૃતિ નાગરિક તરીકે તેઓ સુજ્ઞ બની રહી શકે.

આજનો યુગ સ્પર્ધાત્મક પરીક્ષાઓનો યુગ છે. જેની તૈયારીઓ પણ શરૂઆતથી અપાતી થાય તો તેના મહાવરાથી વિદ્યાર્થીઓનું ઘડતર મજબૂત થાય.

– જય જ્ઞાતિમૈયા

# સમય એટલે આપણી અમૂલ્ય સંપત્તિ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ઈશ્વરે સૌને ચોવીસ કલાકનો સમય આપ્યો છે. ન કોઈને વધુ ન કોઈને ઓછો. સમય વહેતા પાણીની માફક સતત વહેતો જ રહે છે. એક વખત સમય વિતી જાય એ ફરી પાછો આવવાનો નથી. ઘડિયાળ બંધ પડે પણ સમય તો આગળ વધતો રહેવાનો છે. ઘડિયાલ બંધ થઈ છે સમય નહી. જો સમયનો સદુપયોગ ન કરીએ તો એ આપણા હાથમાંથી સરકી જાય છે. પછી પશ્ચાતાપ સિવાય કશું બચતું નથી. વાસ્તવમાં માણસની સાચી અને અમૂલ્ય મૂડી એનો વર્તમાન સમય જ છે. દરેકને માટે સવાર નવા દિવસનો શુભારંભ છે. જો ઈચ્છીએ તો પણ સમયને પાછો લાવી શકતા નથી. સમયનો સદુપયોગ કરવો એ કલા છે, કરતબ છે. પણ આપણે ઈચ્છીએ તો દરેક દિવસનો શ્રેષ્ઠત્તમ ઉપયોગ કરવાની એક રૂપરેખા ઘડી શકીએ છીએ. સમયના સદુપયોગથી આપણે આપણા જીવનને શ્રેષ્ઠ અને ઉત્તમ બનાવીને પરમ લક્ષ્યની પ્રાપ્તિ કરી શકીએ છીએ.

સમયની જો આપણે જરૂરિયાત મુજબના કામોમાં વહેંચણી નહીં કરીએ તો સમય આપણને વહેંચી દેવામાં થોડો પણ સમય નહીં લગાડે. ત્યાર પછી આપણને સમયની કિંમત સમજાશે. સમયનો સદ્‌પયોગ ન કરી શક્યા અને માત્ર સમયનો વ્યય કર્યો તો કાળનું ચક્ર આપણને નકામા કરીને ધનોપાત કાઢી નાખશે. સદીઓની સદીઓ વિતી ગઈ સમયનું આ કાળચક્ર આમને આમ જ ફરી રહ્યું છે. દળવાની ઘંટીની જેમ સૌને પીસી રહ્યું છે. સમય ન તો કોઈને માટે ઊભો રહ્યો છે કે ન તો ઊભો રહેવાનો છે. તે તો સદાયને સર્વે માટે ગતિમાન રહેવાનો છે. ઈચ્છા ધરાવીએ તો પણ ઘડીભર થંભવાનો નથી.

પ્રતિદિન એ જીવનનો અંતિમ દિવસ છે તે સમજ કેળવીને જો જીવન વ્યતીત કરવામાં આવે તો મોટા ભાગે મહત્વના કામોમાં જ વહેંચણી થવાની શ્વાસ લેવો જેટલો જરૂરી છે તેટલો જ જરૂરી સમય પણ છે. એવી સમજણ વહેલાસર સમજાઈ જશે તો કશું અધરૂ કે વિકટ રહેશે નહીં. દુનિયામાં કશું કરી બતાવવાની તાકાત અને સમયની યોગ્ય વહેંચણી થયેલી હશે તો સફળતાનો માર્ગ સહેલો બની જવાનો.

એટલે કોઈ સંતજ્ઞાની એ કહ્યું છે **સંપત ગઈ તે સાંપડે, ગયા વળે છે વહાણ, ગત અવસર આવે નહીં, ગયા ન આવે પ્રાણ.**

અર્થાત્ ગુમાવેલી સંપત્તિ પ્રયત્ન કરી પાછી મેળવી શકાય છે. પરંતુ ગુમાવેલ સમય અને શરીરમાંથી નીકળી ગયેલો પ્રાણ ક્યારેય પાછો આવી શકતો નથી. ધનનો વેડફાટ કરવાથી ફક્ત નિર્ધન થઈ જવાય છે પણ સમયને બરબાદ કરવાથી જીવનનો એક અમૂલ્ય હિસ્સોથી વંચિત થઈ જઈએ છીએ માટે સમયને સંપત્તિ સમજી જાળવીને વ્યતીત કરવું જોઈએ.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી અરિહંત કો-ઓપરેટિવે બેંકનો વાર્ષિક ચોખ્ખો નફો રૂા.૨.૫૨ કરોડ

## SADA AAPKE SANG, ARIHANT

**ARIHANT BANK**



અગ્રગણ્ય સહકારી બેંક શ્રી અરિહંત કો-ઓપરેટિવે બેંકની ૪૧મી વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં બેંકના ચેરમેન યશોધન રાયચંદ કારાણી ના અધ્યક્ષસ્થાને મુલુંડ મધ્યે મહાકવિ કાલિદાસ નાટ્યમંદિર સભાગૃહ માં યોજાઈ હતી. બેંકના વાઇસ ચેરમેન ડોલરભાઈ શાહએ સભાસદોને, બોર્ડ ઓફ ડાયરેકર્સને તેમજ બેંકના મેનેજરો અને ઓફિસરોને આવકાર્યા હતા. તેઓએ તા.૩૧-૦૩-૨૪ના બેંકનો નફો, ડિપોઝિટ, ધિરાણ સંબંધી અને






# શ્રી અરિહંત કો-ઓપરેટિવે બેંકનો વાર્ષિક ચોખ્ખો નફો રૂા.૨.૫૨ કરોડ




સિક્યોરિટી સંબંધી માહિતી સભાસદોને આપી હતી. આ સભામાં ગત વર્ષ દરમિયાન બેંકના અવસાન પામેલા સભાસદોની આત્માની શાંતિ માટે મૌન સાથે પ્રાર્થના કરવામાં આવી હતી.

બેંકના ચેરમેન યશોધન રાયચંદ કારાણીએ જણાવ્યું હતું કે, આ વર્ષે બેંકની કામગીરી ખૂબજ સારી રહી છે. સર્વે તરફથી ખૂબજ સાથ-સહકાર મળ્યો છે. સભાસદોનો અમારા પ્રત્યેનો જે વિશ્વાસ છે તે કામ રહેશે તેવી આશા વ્યકત કરી હતી. તેઓએ બેંકની વિવિધ સેવાઓની જાણકારી ઉપસ્થિત સભાસદોને આપી હતી.












# શ્રી અરિહંત કો-ઓપરેટિવે બેંકનો વાર્ષિક ચોખ્ખો નફો રૂા.૨.૫૨ કરોડ






તેઓએ જણાવ્યું કે, આપણી બેંકે આ વર્ષમાં સારી કામગીરી કરી દરેક ચેલેન્જને સ્વીકારી બેંકના ગ્રાહકો અને સભાસદોના સાથ-સહકારથી સારૂં પરિણામ જાળવી શક્યા છીએ. તેમજ બેંકના સ્ટાફે પણ એટલી જ ધગશથી અને ઉત્સાહથી કામ કરેલ છે. જે કંઈ બાબત આપણે નક્કી કરીએ તેમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મંજૂરી જરૂરી હોવાથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા જે સૂચનાઓ અને માર્ગદર્શન આપે છે તે તેનું આપણે પાલન કરવાનું હોય છે તે પ્રમાણે બેંકની કામગીરી ચાલે છે.

# શ્રી અરિહંત કો-ઓપરેટિવે બેંકનો વાર્ષિક ચોખ્ખો નફો રૂા.૨.૫૨ કરોડ







૩૧ માર્ચ ૨૦૨૪ ના રોજ બેંકે કુલ રૂા.૫૬૩.૯૨ કરોડ નો બિઝનેસ હાંસલ કર્યો, જેમાં કુલ ધિરાણ રૂા.૨૦૩.૩૦ કરોડ અને રૂા.૩૬૦.૬૧ કરોડ ની થાપણોનો સમાવેશ થાય છે. બેંકે ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ કર પછી ચોખ્ખો નફો રૂા.૨૫૨.૯૮ લાખનો હાંસલ કર્યો હતો. અને અગાઉના સતત બે વર્ષોની ખોટ પછી, બેંકે સંચિત ખોટ રૂા. ૩.૫૨ કરોડથી ઘટાડીને રૂા. ૦.૯૯ કરોડ પર લાવી છે.


# શ્રી અરિહંત કો-ઓપરેટિવે બેંકનો વાર્ષિક ચોખ્ખો નફો રૂા.૨.૫૨ કરોડ



બેંકની એડવાન્સિસ રૂા.૨૦૦.૦૦ કરોડના સીમાચિહ્નને વટાવીને રૂા.૨૦૩.૩૧ કરોડ સુધી પહોંચી ગઈ છે. CD રેશિયો અગાઉના વર્ષ ૪૪.૧૦% થી વધીને ૫૬.૩૮% થયો છે. બેંક ચેરમેન, વાઈસ ચેરમેન તેમજ સમગ્ર બોર્ડે તથા કર્મચારીગણના સઘન-અથાગ પ્રત્યનથી નોંધપાત્ર રિકવરી ને કારણે ગ્રોસ ''NPA'' અને નેટ ''NPA' માં નોંધપાત્ર ઘટાડો થયો છેઃ ગ્રોસ એનપીએ : રૂા. ૧૪.૯૯ કરોડ (૯.૦૦%) થી રૂા.૬.૦૮ કરોડ (૨.૯૯%) નેટ એનપીએ : રૂા. ૮.૪૩ કરોડ (૫.૨૭%) થી રૂા.૧.૭૪ કરોડ (૦.૮૮%)

બેંકના CEO અશોક સાવલકરએ વાર્ષિક સામાન્ય સભામાં એજન્ડા મુજબની કાર્યવાહી હાથ ધરેલ અને તે મુજબના ઠરાવ પ્રસ્તાવો રજૂ કરેલ જે ઉપસ્થિત સભાસદોએ સર્વાનુમત્તે મંજૂર કર્યા હતા. સભાસદો પૈકી ભૂતકાળના ડાયરેકટરો- કુમારભાઈ દંડ, નીતિનભાઈ સાયલા, મુકેશભાઈ  મૈશેરી, હંસકુમારભાઈ છેડા તરફથી બેંકની પ્રગતિ તેમજ વિકાસલક્ષી બાબતો પર ખૂબજ નિખાલસ અને સારા વાતાવરણમાં ચર્ચાઓ કરી હતી. બેંકના વિકાસ અંગે મંતવ્યો વ્યકત કર્યા હતા. સભાસદો તરફથી થયેલ સૂચનોની નોંધ લઈ તેનો અમલ થાય તે અંગે વ્યવસ્થા ગોઠવવા મેનેજમેન્ટ તરફથી CEO ને જણાવાયું હતું. બેંકના વાઇસ ચેરમેન ડોલરભાઈ શાહએ બેંકના સભાસદો, થાપણદારો, સર્વે ડાયરેકટરો, કાયદાના સલાહકાર, બેંકના મેનેજરો તથા કર્મચારીગણ પ્રત્યે સભામાં ઉપસ્થિત રહેવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ સભાનું સફળ સંચાલન બેંકના ડાયરેકટરો CA હિતેશ ધરમશી તથા રિતેશ ખોનાએ કર્યું હતું.




**અરિહંત ટીમ બધાને જણાવતા અત્યંત આનંદ વ્યક્ત કરે છે કે શ્રી અરિહંત કો ઓપ બેંક લિમિટેડને બૃહન મુંબઈ નાગરી બેંક એસોસિએશન દ્વારા ૨૫૧ કરોડથી ૧૦૦૦ કરોડની શ્રેણીમાં પ્રથમ શ્રેષ્ઠ બેંક તરીકે પુરસ્કાર આપવામાં આવ્યો છે.**




# શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર

આયોજીત

# ‘વંદન’

## કેડીઓ સીનીયર સિટિઝન માટેની સાર્ધમિક સહાય યોજના



જય જિનેન્દ્ર!

**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારે** સમયાંતરે અનેક જરૂરતમંદ જ્ઞાતિજનોને આર્થિક સહાય આપી વિકટ પરિસ્થિતિમાં તેમને મદદરૂપ થવાની સમાજની અને પરિવારની ઉજ્જ્વળ પરંપરા નિભાવી છે.

કોરોના પછીના વર્તમાનકાળમાં દરરોજ કૂદકે ને ભૂસકે વધતી જતી મોંઘવારીમાં આપણી જ્ઞાતિના વડીલ, ભાઈ-બહેનો (સિનિયર સિટીઝન) માટે મહિના અંતે બે છેડા ભેગા કરવાનું દિવસે દિવસે મુશ્કેલ બની રહ્યું છે. ખાસ કરીને ઓછી આવકવાળા વિધવા બહેનો, દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરીકો વિશેષ આર્થિક ભીંસ અનુભવી રહ્યા છે.

સમયનો આ તકાદો પારખી **શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર** ભારતભરમાં ક્યાં પણ વસતા કેડીઓ સિનિયર સિટિઝન (૬૦ વર્ષની ઉપરની વ્યક્તિ), દિવ્યાંગો, વિધવાઓ જેમની વાર્ષિક આવક રૂા. ૨,૫૦,૦૦૦ (રૂપિયા બે લાખ પચાસ હજાર) અથવા એનાથી ઓછી હોય તે જ્ઞાતિજનોને મદદરૂપ થવાનું સંકલ્પ કરે છે. આ સહાય નીચે પ્રમાણે અમલીકરણ થશે.

## ટુંક સમયમાં શરૂ થશે એક વર્ષ સુધી સિનિયર સિટિઝનો માટે ‘વંદન’

**પરિવારમાં બે વ્યક્તિઓ સુધી રૂા.૪૦૦૦/- પ્રતિમાસ પરિવાર દીઠ**

**પરિવારમાં બે થી વધુ વ્યક્તિઓ માટે રૂા.૬૦૦૦/- પ્રતિમાસ પરિવાર દીઠ**

**કેડીઓ સિનિયર સિટિઝન (૬૦ વર્ષની ઉપરની વ્યક્તિ), દિવ્યાંગ તેમજ વિધવા મહિલાઓ જેમની વાર્ષિક પારિવારિક આવક પ્રતિવર્ષ રૂા.૨.૫૦ લાખ કે તેનાથી ઓછી હોય એવા પરિવારો સુધી મર્યાદિત.**

**ફોર્મ ભરવાની અંતિમ તા.૧૫ ઓક્ટોબર ૨૦૨૪**

**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ**

**85914 26095** સમય : બપોરના ૨ થી સાંજના ૬ સુધી

**ફોર્મ ભરવા માટે ગૂગલ લિંક**

https://docs.google.com/forms/d/e/1FAIpQLSfUvFrRaBFLxV61ue9NUMw5nfUgvVOV3K5P4CZUdkADEaRLIw/viewform?vc=0&c=0&w=1&flr=0&usp=mail_form_link

CLICK HERE

આપના શુભચિંતક

**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર**

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૨.૦૯.૨૦૨૪ના સવારે ૯.૩૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ (દેવપુંજ) ખાતે યોજવામાં આવેલ જેમાં મંડળના આજીવન સભ્યો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

સભાનુ પ્રમુખ સ્થાન મંડળના પ્રમુખ મયૂર મણિકાંત ધુલ્લાએ લીધેલ અને ઉપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત કરેલ. વાર્ષિક સામાન્ય સભાની શરૂઆત નવકાર મંત્રના પઠન સાથે કરી હતી.

મંડળ પ્રવૃતિનો વાર્ષિક અહેવાલ સેક્રેટરી જીગ્નેશ કુંવરજી મોતાએ આપેલ તેમજ ઓડિટેડ રિપોર્ટ અને અન્વેષિત એકાઉન્ટ રિપોર્ટ રાજેન્દ્ર મુલચંદ ધુલ્લા દ્વારા રજૂ કરવામાં આવેલ. મહિલા વિભાગનો વાર્ષિક અહેવાલ મહિલા પ્રમુખ શ્રીમતી વિરાજ મયૂર ધુલ્લા દ્વારા રજૂ કરવામાં આવેલ. એજન્ડા મુજબની કાર્યવાહી પૂર્ણ થતા પ્રમુખશ્રીએ વાસુપૂજ્ય દાદાની જય બોલાવેલ. સભા બાદ મંડળ વતી સામુદાયિક ક્ષમાપના કરાવવામાં આવેલ અને ત્યારપછી બધાએ ચા નાસ્તાની મજા માણી હતી.





# સંજીવની કેસ નં.૧૫૩, ૧૫૪ અને ૧૫૫ માટે કુલ રૂા.૧૬.૫૦ લાખ જમા કરવાનો છે પડકાર




૩૯ વર્ષીય કોઠારા-નવસારીના થાવીર ઠાકરશી શાહને રોડ ટ્રાફિક અકસ્માતને કારણે પોલીટ્રોમા અવસ્થામાં આવી ગયા. જેમાંથી રીકવરી થવા બહુવિધ સર્જરી જરૂરી છે અને વધુ દિવસો હોસ્પિટલમાં રહેવું પડશે.

તેઓ એક માત્ર કમાઉ પાત્ર છે. અગાઉ અગરબત્તી વેંચતા હતા. ભાઈ સામાન્ય કમાણી કરે છે નથી કોઈ બચત કે વીમાનો પીઠબળ. તેમાં આવી પડેલ આપદામાંથી સુરક્ષિત બચાવ માટે રૂા.૫.૫૦ લાખનો અંદાજ ડોક્ટરો દ્વારા અપાયેલ છે. જે મેળવવા માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે સંજીવની કેસ નં.૧૫૩ અંતર્ગત તેમની અરજી ક્રાઉડ ફંડિંગ માટે મૂકાઈ છે.

અન્ય સંજીવની કેસ નં.૧૫૪ નવજાત બચ્ચી જે ૬ સપ્ટેમ્બરના અવની ૫ર જખૌ-પુનાના કીંજલ વિશાલ નાગડાના કૂખેથી અવતરી છે. ફક્ત ૨૫ અઠવાડિયા ગર્ભમાં રહી માત્ર ૭૩૫ ગ્રામની વજનની આ ગભરૂ બાળકી સારવારનો સારો પ્રતિભાવ આપી સ્થિર સ્વસ્થ છે. પિતા જૂની કારની લે વેચનો વ્યવસાય ધરાવે છે. જેમાંથી પરિવાર જોગ કમાણી રળી લે છે.

# સંજીવની કેસ નં.૧૫૩, ૧૫૪ અને ૧૫૫ માટે કુલ રૂા.૧૬.૫૦ લાખ જમા કરવાનો છે પડકાર





હોસ્પિટલ સારવાર ખર્ચ માટે રૂા.૫.૫૦ લાખનો અંદાજ આપેલ છે. જે માટે નાગડા પરિવાર મેડિકલ સમિતિ પાસે સંજીવની યોજના હેઠળ અરજી રજૂ કરી છે.

આ ઉપરાંત સંજીવની કેસ નં.૧૫૫ જેમાં આરિખાણા-ઘાટકોપરના ૫૨ વર્ષીય સોમિલ હીરજી લોડાયા સિમેન્ટ મિક્ષ્ચર કરતી હેવી ટ્રક સાથે અકસ્માત થતાં જેના પરિણામે પગમાં ઘૂંટણ નીચેના હિસ્સામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા અને તાત્કાલિક હોસ્પિટાલાઈઝ થયા હતા. ઈજાઓ ગંભીર છે અને વ્યાપક તબીબી સારવાર સાથે શસ્ત્રક્રિયા કરવી જરૂરી છે.

દર્દી પોતે એકલા છે જેનો આવકનો કોઈ નક્કર સ્ત્રોત નથી. રોજબરોજના ખર્ચ માટે સગા સંબંધીઓ પર નિર્ભર રહે છે. તેમની નથી કોઈ બચત કે નથી વીમાનો રક્ષણાત્મક કવચ. આ લાચારી વશ તેમને હોસ્પિટલ દ્વારા અપાયેલ ખર્ચ રૂા.૫.૫૦ લાખ મેળવવા માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે અરજી કરેલ છે. જે અરજી ક્રાઉડ ફંડિગ માટે મૂકાઈ છે.

ઉપરના ત્રણેય કેસ પ્રત્યે માટે રૂા.૫.૫૦ લાખની જરૂર છે. જે કુલ્લ મળી રૂા.૧૬.૫૦ લાખ થાય છે. આ પડકાર સંયુક્ત છે અને જે આપણા માટે કસોટી રૂપ છે. પણ શ્રેષ્ઠી દાતાઓનો ઉદાર સહકાર હિમત આપે છે.

# સંજીવની કેસ નં.૧૫૩, ૧૫૪ અને ૧૫૫ માટે ફુલ રૂા.૧૬.૫૦ લાખ જમા કરવાનો છે પડકાર




૧) શ્રી આર.એચ.ડી.ચેરિટેબલ ટ્રસ્ટ વરલી જે સંજીવની સેફાયર પેટ્રન છે તેઓએ રૂા.૨.૨૫ લાખની મદદ સંયુક્ત ત્રણ કેસ માટે ફાળવી છે.

૨) એક અજ્ઞાત દાતાએ રૂા.૫.૦૩ લાખ આપી અદ્‌ભૂત મદદ કરી છે.

૩) રૂા.૭૫ હજારની સહાય માતુશ્રી વિજયાબેન શાંતિલાલ જેઠાભાઈ મૈશેરી પરિવાર હસ્તે તિલેશભાઈ તથા નિલેશભાઈ મુલુંડ-દુબઈ કચ્છ લાલા એ આપી છે.

૪) ઉપરના ત્રણેય સંજીવની કેસ માટે રૂા.૨૫ હજારનું ઉદાર અનુદાન  રાયચંદભાઈ માલશી મોતા, કુવાપધ્ધર-સેલમ નોંધાવી માનવતાનું ઉમદા ઉદાહરણ દર્શાવ્યું છે.

૫) ઉપરોક્ત ત્રણેય સંજીવની કેસ માટે સંયુક્ત અનુદાન રૂા.૫૦ હજારનું માતુશ્રી દમયંતીબેન ચાંપશી લોડાયા સાંધવ-ઘાટકોપરએ નોંધાવ્યું છે અને ઉદારભાવનો ઉત્તમ દ્રષ્ટાંત આપ્યું છે.

આમ ઉપરના ત્રણેય સંજીવની કેસની મદદ આપણે સત્વરે જ્ઞાતિજનોની માનવતા ભરી મદદ સાથે ટૂંક સમયમાં પૂરી કરીશું એવો વિશ્વાસ રાખીએ છીએ.

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગાંધીધામ આયોજિત ચૈત્યપરિપાટી ૨૦૨૪




**સંઘપતિ પરિવાર માતુશ્રી વેજબાઇ સોમચંદભાઇ નાગડા પરિવાર (નલિયા – ગાંધીધામ)**

તા. ૨૨ સપ્ટેમ્બર રવિવારના દિવસે પર્વવધિરાજ પર્યુષણ પર્વેના  કર્તવ્યો પૈકી પાંચમું  કર્તવ્ય પૂર્ણ કરવા ગાંધીધામ મહાજનશ્રી તરફથી ચૈત્યપરિપાટીનું આયોજન કરવામાં આવેલ જેમાં બૃહદ ગાંધીધામ વિસ્તારમાંથી ૨૨૫ જ્ઞાતીજનો જોડાયેલ.




**સંઘપતિ પરિવાર માતુશ્રી વેજબાઇ સોમચંદભાઇ નાગડા પરિવાર (નલિયા - ગાંધીધામ)**

સંપૂર્ણ ચૈત્યપરિપાટી નો અમૂલ્ય લાભ લેનાર ભાગ્યશાળી અ.સૌ. પ્રિયંકાબેન ધનપતિભાઈ નાગડાના સિદ્ધિતપના અનુમોદના અર્થે માતુશ્રી વેજબાઈ સોમચંદભાઈ નાગડા પરિવાર નલિયા - ગાંધીધામ ચૈત્યપરિપાટી સંઘ વહેલી સવારે રત્નદેવશ્રી આદેશ્વરદાદાના દર્શન અને ચૈત્યવંદન કરી પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રી મ.સ.આદિ ઠાણાને વંદન કરેલ,પૂજ્યશ્રીએ માગંલિક શ્રવણ કરાવેલ બરાબર ૬.00 કલાકે (૫) પાંચ બસો ધ્વારા પ્રસ્થાન કરેલ.

# શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ગાંધીધામ આયોજીત ચૈત્ય પરિપાટી - ૨૦૨૪

## સાંધવ તિર્થ



## નલિયા તિર્થ








ગાંધીધામ મહાજનશ્રી દ્વારા સંઘપતિ પરિવાર ની અનુમોદના

સિદ્ધિતપ ના તપસ્વી
અં.સૌ. પ્રિયંકાબેન



## સંઘપતિ પરિવાર માતુશ્રી વેજબાઇ સોમચંદભાઇ નાગડા પરિવાર (નલિયા - ગાંધીધામ)

પહેલા પડાવમાં તલવાણા ગામે સુમતિનાથદાદાના દર્શન અને ચૈત્યવંદન કરી પરમ પૂજ્ય ગણિવર્યશ્રી રાજરત્નસાગરજી મ.સા આદિ ઠાણા-૦૯ ને વંદન કરેલ, પૂજ્યશ્રીએ માગંલિક શ્રવણ કરાવેલ. તલવાણા સંઘ તરફથી સંઘપતિ પરિવારનું બહુમાન કરવામાં આવેલ અને રૂપિયા પાંચનું સંઘ પૂજન કરવામાં આવેલ, સવારની નવકારશીનો લાભ તલવાણા સંઘને આપેલ.

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગાંધીધામ આયોજિત ચૈત્યપરિપાટી ૨૦૨૪

સંઘ આગળ પ્રયાણ કરી માંડવી પહોંચેલ મહાવીર સ્વામી જિનાલય અને શાંતિનાથ જીનાલયના દર્શન ચૈત્યવંદન કરી વાજતે ગાજતે પ.પૂજય સાધ્વીશ્રી મહોદયાશ્રી મ.સ.આદિ ઠાણાને વંદન કરેલ, પૂજ્યશ્રીએ માગંલિક શ્રવણ કરાવેલ અને પ્રાસંગિક પ્રવચન ફરમાવેલ માંડવી અચલગચ્છ જૈન સંઘ તરફથી સંઘપતિ પરિવારનું બહુમાન કરવામાં આવેલ અને રૂપિયા ૨૦/-નું સંઘ પૂજન કરવામાં આવેલ. બપોરના સાધર્મિક ભક્તિ નો લાભ માંડવી સંઘેને આપેલ.

ત્યાંથી સંઘ શિવમસ્તું પહોંચી ત્રિભુવન તિલક પાર્શ્વનાથ અને સમોવસરણના  દર્શન કરી અને પ.પૂ. ઉપાધ્યાય શ્રી પૂર્ણભદ્ર મ.સા.ને વંદન કરેલ પુજ્યશ્રીએ માગંલિક શ્રવણ કરાવેલ.

આગળ પ્રયાણ કરી સંઘ સાંધવ પહોંચેલ સાંધવ મહાજને વાજતે ગાજતે સામૈયું કરેલ શાંતિનાથ જીનાલયના દર્શન ચૈત્યવંદન કરી પ.પૂજય સાધ્વીશ્રી નંદીવર્ધનાશ્રી મ.સ.આદિ ઠાણાને વંદન કરેલ. પૂજ્યશ્રીએ માગંલિક શ્રવણ કરાવેલ અને પ્રાસંગિક પ્રવચન ફરમાવેલ સાંધવ મહાજન તરફથી સંઘપતિ પરિવારનું બહુમાન કરવામાં આવેલ. સાંધવ સંઘ તરફથી રૂપિયા ૧૦/- અને માતુશ્રી કાંતાબાઈ આણંદજી ખોના તરફથી રૂપિયા ૧૦/-નું સંઘ પૂજન કરવામાં આવેલ ત્યારબાદ ચા અને ગરમા ગરમ નાસ્તા નો લાભ સાંધવ સંઘને આપેલ.

ત્યાંથી સંઘ નલિયા તીર્થે જવા પ્રયાણ કરેલ નલિયા મહાજનશ્રી દવારા ઢોલ નગારા સાથે ઉમળકાભેર  સામૈયું કરવામાં આવેલ નલિયા મહાજનને ચોવિહારનો લાભ આપેલ અને રાપર ગૌશાળા તરફથી લાવવામાં આવેલ કેસર લસ્સીનો આનંદ લીધેલ

ચોવિહાર બાદ પ.પૂજ્ય સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રી મ.સા.આદિ ઠાણાને વંદન કરેલ, પૂજ્યશ્રીએ માગંલિક શ્રવણ કરાવેલ અને પ્રાસંગિક પ્રવચન ફરમાવેલનલિયા મહાજનશ્રી દ્વારા સંઘપતિ પરિવારનું અને ગાંધીધામ મહાજન પ્રમુખશ્રીનું પણ બહુમાન કરવામાં આવેલ. સંઘપતિ પરિવાર તરફથી રૂપિયા ૨૦/-નું સંઘ પૂજન કરવામાં આવેલ. નલિયા ચંદ્રપ્રભુ જિનાલય દર્શન કરી પાંચ જીનાલ્યોની આરતીનો લાભ લઈ ધન્યતા અનુભવેલ. ત્યાંથી સંઘ સ્તવન અને અંતાક્ષરીની મોજ માણતા ગાંધીધામ આવવા પ્રયાણ કરેલ

ચૈત્ય પરિપાટી પૂર્ણાહૂતિના અંતિમ ચરણમાં મહાજનશ્રી તરફથી સંઘપતિ પરિવાર માતુશ્રી વેજબાઈ સોમચંદભાઈ નાગડા પરિવારનો સ્મૃતિ ચિન્હ અર્પણ કરી અનુમોદના સહ આભાર માનવામાં આવેલ.

યાત્રાને યાદગાર બનાવવા ફોટો અને વિડીયોગ્રાફી કરી યુ ટ્યુબ પર યાત્રાનો અહેવાલ અપલોડ કરી આપવાનો લાભ લેવા માટે શ્રી ઋષભ નાગડા અને મનીષ મોમાયાનો મહાજનશ્રી અને સંઘપતિ પરિવાર તરફથી ખાસ અનુમોદના સહ આભાર માનવામાં આવેલ.

યાત્રા દરમિયાન કુલ્લ રૂા. ૧૦૦/-નું સંઘ પૂજન કરવામાં આવેલ. લાભ લેનાર ભાગ્યશાળી પરિવારો સર્વશ્રી નવીનભાઈ ચાંપશીભાઈ શાહ, શ્રી હિરાચંદ નરશી દંડ, માતુશ્રી માકલબાઈ નરશી લોડાયા, શ્રી વિરચંદ પદમશી લોડાયા, માતુશ્રી રતનબેન ખીમજી લાલકા, માતુશ્રી કાન્તાબેન આણંદજી ખોના, પ્રાજલ પુનિલ દંડ, તરલાબેન ગુલાબભાઈ ધરમશી, કાંતિલાલ હંસરાજ મોતા, કુણાલ મયુર લોડાયા, સ્વ. રાજેશ ઠાકરશી ડાઘા, જૈનમ પિયુષ દંડ, ઠાકરશી રામજી ભાટે, સુશિલાબાઈ જેઠાભાઇ ધરમશી, કલ્પરાજ પિયુષ લોડાયા, નિશાવિરાલીજૈનમ નાગડા, ભવ્યમ  ભીખલાલ શિયાળ, ક્રિયાન કુણાલ લોડાયા, સુશિલાબાઈ શાંતિલાલ મોંમાયા એ લાભ લીધેલ.

વ્યવસ્થા ગાંધીધામ મહાજનશ્રીના સર્વેયુવાનો એ સંભાળેલ.

યાત્રા દરમિયાન મહાજનશ્રીની કમિટી અને કાર્યકરો તરફથી કોઈ ભૂલચૂક થઈ હોય કે મન દુભાયું હોય સગવડ ન સચવાણી હોય તો અમારી પુરી કમિટી વતી મિચ્છામિ દુક્કડમ.

આ સફળ આયોજના યશના ભાગીદાર ચૈત્યપરિપાટીમાં જોડાયેલા ૨૨૫ જ્ઞાતીજનો અને ઉદારદિલ સંઘપતિ પરિવારરહ્યાઆવા સુકુતના કાર્યો સદાય કરતા રહેશો એવી શુભ ભાવના સહ મહાજન વતી ખૂબ ખૂબ અનુમોદના આભાર સહ આપનાજ

**શ્રી ક. દ. ઓ. જૈન મહાજન ગાંધીધામ ના સર્વે કમિટી મેમ્બરોના  જય જિનેન્દ્ર**

# શ્રી ક.દ.ઓ.દેવલાલી નાસિક સેવાભાવી જૈન સંઘ દ્વારા ચૈત્ય પરિપાટી સહ લક્ઝરીયસ પર્યટન પ્રવાસ યોજાયો



જૈન દર્શનમાં શ્રાવક શ્રાવિકાઓની માટે પાંચમું કર્તવ્ય એટલે ચૈત્ય પરિપાટી પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ દરમ્યાન સૌએ તપ-જપ-ધર્મ આરાધના કરી. સહુ ધન્ય બન્યા. દેવલાલી-નાસિક રોડ પરિસરમાં વસતા તમામ નાના મોટા જ્ઞાતિજનો શ્રી સંઘ દ્વારા આયોજિત ચૈત્ય પરિપાટીમાં હર્ષપૂર્વક જોડાઈ શકે તે માટે ત્રિદિવસીય ચૈત્ય પરિપાટી સહ પર્યટન પ્રવાસ સહેલનું આયોજન તા.૨૪ સપ્ટેમ્બર મંગળવારથી ગુરૂવાર તા.૨૬ સપ્ટેમ્બર સુધીનું કરાયું. શ્રી સંઘની સ્થાપના બાદ પ્રથમ વાર ભવ્ય ચૈત્ય પરિપાટીનું આયોજન લાભાર્થી પરિવારના સથવારે કરવામાં આવેલ.

જેમાં ૭૫ યાત્રિકો પ્રત્યેક એ રૂા.૫૦૦ નકરો આપી જોડાયા હતા. સૌને એસી બસ અને એસી અતિથિગૃહના રૂમોમાં ઉતારાના સગવડ અપાઈ હતી.

મંગળવાર તા.૨૪ સપ્ટેમ્બર સવારે ૪.૩૦ કલાકે શ્રી દેવલાલ તીર્થે દેવદર્શન ગુરૂવંદન કરી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર પાસેથી બસ દ્વારા યાત્રા પ્રસ્થાન કરેલ. સવારે શ્રી સંગમનેર તીર્થે દેવદર્શન પૂજા નવકારશી લઈ શ્રી કેસરીયાજી ધામ કરાડ તરફ પ્રયાણ કરેલ. બપોરે ૧ વાગે શ્રી કેસરીયાજી ધામ આગમન અને સાધર્મિક ભક્તિ. દેવદર્શન અને સામૂહિક ચૈત્યવંદન બપોરે શ્રી કુંભોજગિરી જહાજ મંદિર જવા પ્રયાણ સાંજે ૫.૩૦ કલાકે શ્રી કુંભોજગિરી આગમન અને ચૌવિહાર. ત્યારબાદ સાંજે ૭ થી ૧૦.૩૦ દરમ્યાન દેવદર્શન, સંધ્યા ભક્તિ, મહાઆરતી કરી.

દ્વિતીય દિવસ બુધવાર તા.૨૫ સપ્ટેમ્બરના સવારે ૬ કલાકે શ્રી કુંભોજગિરી ડુંગરે ૩૬૦ પગથિયાનું ચડાણ કરી દેવદર્શન, પૂજા-ચૈત્યવંદન ભક્તિ કરી. સવારે ૮ કલાકે નવકારશી બાદ કુંભોજગિરીથી કલશ મંદિરમાં દર્શન કરી પન્હાલા તીર્થ તરફ પ્રસ્થાન કર્યું ત્યાંથી કોલ્હાપુર જવા પ્રયાણ કરી બાદ સાધર્મિક ભક્તિનો લાભ લીધો. બપોરે ૨ કલાકે શ્રી મહાલક્ષ્મી મંદિર અને જિનાલયે દેવદર્શન વંદન બપોરે ૩.૩૦ કલાકે ચા પાણી લઈ શ્રીસિરોલી તીર્થ જયા પ્રયાણ કરેલ. બપોરે ૪.૪૫ કલાકે શ્રી સિરોલી તીર્થે શ્રી સિમંધર સ્વામી જિનાલય દેવ દર્શન વંદન ભક્તિ કરી. સાંય ચૌવિહાર અને રાત્રિ મુકામ પહેલાં આરતી, ભક્તિ ભાવના તથા સાંસ્કૃતિક કાર્યક્રમની જમાવટ કરી હતી.

# શ્રી ક.દ.ઓ.દેવલાલી નાસિક સેવાભાવી જૈન સંઘ દ્વારા ચૈત્ય પરિપાટી સહ લક્ઝરીયસ પર્યટન પ્રવાસ યોજાયો








સિરોલીમાં લાભાર્થી દાતા પરિવારોનું બહુમાન કરી અનુમોદના કરાઈ હતી. જેમાં દાતા પરિવાર ૭૫,૦૦૦/- સંઘમાતા મા.ચંદનબેન પ્રતાપભાઈ ધરમશી પરિવાર હ.સૌ.કલ્પનાબેન લલીતભાઈ ધરમશી (દેવલાલી-સુથરી), ૬૩,૦૦૦/- શ્રી અનંત આરોગ્ય નિધિના ટ્રસ્ટીઓ (દેવલાલી) તા.૨૪-૦૯-૨૪ થી ૨૬-૦૯-૨૪ ત્રણ દિવસના બપોરના જમણના, ૪૫,૦૦૦/- એક સદ્‌ગૃહસ્થ તા.૨૪-૦૯-૨૪ થી ૨૬-૦૯-૨૪ સુધીના સાંજના ચૌવિહારના દાતા (દેવલાલી), ૧૧,૦૦૦/- શ્રી હરીશભાઈ ડુંગરશી ખોના (દેવલાલી) તા.૨૪-૦૯-૨૪ સવારની નવકારશી, ૧૧,૦૦૦/- શ્રી ડુંગરશી ગંગાજર ખોના હ.સૌ.ભારતીબેન હરીશભાઈ  ખોના (દેવલાલી) તા.૨૫-૦૯-૨૦૨૪ સવારની નવકારશી, ૧૧,૦૦૦/- મા. કસ્તુરબાઈ ડુંગરશી ખોના હ.સૌ.ભારતીબેન હરીશભાઈ ખોના (દેવલાલી) તા.૨૬-૦૯-૨૪ સવારની નવકારશી, ૨૧,૦૦૦/- શ્રી મહેન્દ્રભાઈ ડોસાભાઈ મોમાયા (નાસિક) એક દિવસ રાત્રી રોકાણ અતિથિગૃહ, ૨૧,૦૦૦/- શ્રી દૌલત પરિવાર (નાસિક) એક દિવસ રાત્રી રોકાણ અતિથિગૃહ તેમજ ગીફ્ટ હેમ્પરર દાતા શ્રીમતી વિપુલાબેન મુકેશભાઈ ધરમશી (દેવલાલી), શ્રી ચંદ્રકાંતભાઈ શામજી નાગડા (દેવલાલી).

અંતિમ તૃતીય દિવસ તા.૨૬ સપ્ટેમ્બર ગુરૂવારના વહેલી સવારે ૬.૩૦ કલાકે દેવદર્શન પૂજા, સામૂહિક ચૈત્ય વંદન બાદ નવકારશી લઈ સવારે ૧૦ કલાકે કરાડ તીર્થ તરફ જવા પ્રયાણ કરેલ. બપોરે દેવદર્શન, વંદન ચૈત્ય વંદન બાદ સાધર્મિક ભક્તિનો લાભ પામ્યા. આવતા જતાં કરાડ મધે દીલીપભાઈ નાગડાએ સુચારૂ વ્યવસ્થા એરેજમેન્ટ ગોઠવી હતી તેમનો અનન્ય સહયોગ મળ્યો હતો.

બપોરે ૧.૩૦ કલાકે શ્રી તિરૂપતિ બાલાજી જવા પ્રયાણ કરી દર્શન લાભ લઈ ચા પાણી ગ્રહણ કર્યા. સાંજે ૫.૩૦ કલાકે ચૌવિહાર કરી દેવલાલી જવા પ્રસ્થાન કર્યું અને રાતે ૧૦ કલાકે સુખરૂપ સાનંદ દેવલાલી આગમન કર્યું.

આમ સમગ્ર ચૈત્ય પરિપાટી યાત્રા, પર્યટન પ્રવાસ સહેલ હસી, મોજ આનંદ પ્રમોદ સાથે ધર્મ ભક્તિ આરાધના, કુટેલી બુંદીના લાડુની પ્રભાવના સાથે ધન્ય લાભ સૌ પામ્યા હતા. આ યાત્રા પ્રવાસ દરેકે દરેક માટે યાદગાર સંભારણું બની રહ્યું.

સંપૂર્ણ આયોજનની જહેમત શ્રી કચ્છી દશા ઓસવાલ દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘના પ્રમુખ શ્રી મુકેશભાઈ જાધવજી ધરમશી તથા તેમની ટીમે કરી હતી.

(ચૈત્ય પરિપાટીમાં બધા યાત્રિકોનો સાથ સહકાર ખૂબ જ સરસ રહ્યો હતો)

# રાંધણ કલાના માહેર ધારિણીબેન સુધીર ખોનાની વાનગીઓનો સ્વાદ વીવીઆઈપીઓને મોંઢે પહોંચ્યો છે





મૂળ સુથરીના ધારિણી સુધીરભાઈ ખોના રાંધણ કલાના સિધ્ધહસ્ત સર્જક છે. તેઓનો વ્યવસાય કેટરીંગનું છે. તેમના હાથેથી બનેલી વાનગીઓનો સ્વાદ વીવીઆઈપીઓની દાઢે વળગયો છે. તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના મહેમાન થયા હતા. તેમના માટે જમણવારનો ઓર્ડર ધારિણીબેન એ સપ્લાય કર્યો હતો. જે સમગ્ર જ્ઞાતિ માટે ગૌરવ પ્રદ છે. ઉપરોક્ત ફોટા વોશિંગ્ટન ડીસીના છે. ફોટામાં તેમની સાથે બાંઢિયા હાલ ન્યૂયોર્કના નીલમબેન નરેન્દ્ર લાલકા દ્રષ્ટિ ગોચર થાય છે.

# શ્રી તિરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં બાળકો માટે મોક્ષ માર્ગ શિબિરનું ભવ્ય આયોજન કરાયું



તા.૨૨ સપ્ટેમ્બર રવિવારના રોજે તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસર મધ્યે પ.પૂ.સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં બાળકો માટે મોક્ષ માર્ગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ૫ થી ૧૫ વર્ષ સુધીના ૬૦ જેટલા બાળકો હોંશપૂર્વક આખા દિવસની શિબિરમાં સહભાગી થયા હતા. સવારે ૯ થી સાંજે ૫ સુધી આ શિબિર ચાલી હતી. બાળકો માટે મનોરંજક રમતો, ટેસ્ટી નાસ્તો, લિજ્જતદાર લંચ અને ભેટની સુચારૂપણે વ્યવસ્થા કરવામાં આવી હતી. સૌ બાળકો ગેલ ગમ્મત સાથે જ્ઞાન પામી ખુશખુશાલ થયાં હતાં.

# પ્રોફેશનલ ફોટોગ્રાફર દીપક જયચંદ ખોનાને લાઈફ ટાઈમ એચિવમેન્ટ માટે સન્માનિત કરાયા






પેલેસ ગ્રાઉન્ડ બેંગલોર ખાતે ત્રીદિવસીય ૧૦ મા આંતરરાષ્ટ્રીય ડીજી ઈમેજ સંમેલનનું આયોજન કર્ણાટક ફોટોગ્રાફર્સ એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગદગના પૂર્વ પ્રમુખ તથા ત્રણ દાયકાથી ફોટોગ્રાફર તરીકેની દીર્ઘ કારકિર્દી વિતાવનારા પ્રોફેશનલ ફોટોગ્રાફર તરીકે સેવા આપનારા દીપક જયચંદ ખોનાને સન્માનિત કરવામાં આવ્યા. આ ગૌરવ સન્માન પ્રાપ્ત કરવા બદલ તેમને હાર્દિક અભિનંદન.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ | કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા આયોજિત શ્રી મહાકાળી માતાજીની ભાવના, હોરિઈઝન હોલ, ડોબિંવલી પૂર્વ |
| તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.મંડળ, ડોમ્બિવલીનું સ્નેહ મિલન, સાધર્મિક ભક્તિ સહ તપસ્વીઓનું બહુમાન હોરાઈઝન હોલ ડોંબિવલી(પૂર્વ). |
| તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | કેડીઓ કલાસિક તથા સંલગ્ન સંસ્થાઓ તરફથી સ્વામી નારાયણ સંત શ્રી જ્ઞાન વત્સલ સ્વામીજીનું પ્રવચન, રાત્રે ૮.૩૦ ક. કાલીદાસ, મુલુંડ |
| તા. ૦૩ ઓક્ટોબર ૨૦૨૪ | નલિયા જિનાલયમાં શ્રી ચંદ્રપ્રભ સ્વામી સહ જવાલામાલિની દેવી મહાપુજન. |
| તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ તથા મહિલા વિભાગના ૩૬ મા વાર્ષિકોત્સવ અન્વયે સરસ્વતી સન્માન સમારોહ બપોરે ૩ થી ૫ ક. તથા પાન્જી ધરોહર ૩ (ગરબા, ફેશન શો તથા મોનો એક્ટ પ્લે) : સમૃદ્ધિ હોલ, મુલુંડ. |
| તા. ૮ થી ૧૦ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન વારાપધર સ્થાને. |
| તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમિક્ષા શતાબ્દી નિમિત્તે સન્માન સમારોહ સવારે ૧૦.૦૦ થી બપોરે ૩.૦૦ ક. : શ્રી નારાણજી શામજી મહાજન વાડી, માટુંગા |
| તા. ૧૫ થી ૧૭ નવેમ્બર ૨૦૨૪ | જખૌ તીર્થમાં ત્રિદિવસીય પરમાત્મ ભક્તિમય મહોત્સવ તથા જખૌ વાસીઓનું સ્નેહ મિલન. |
| તા. ૧૫ થી ૧૮ નવેમ્બર ૨૦૨૪ | જખૌમાં મુનવર પરીવારોની કુળદેવી શ્રી અંબેઆઇ માતાજીના મંદિરે તથા નવ નિર્મિત શ્રી ભીખુપીર દાદાના મંદિરે મુનવર પરીવારોના ભુવાજીશ્રીના બાના બદલી તથા માતાજીની પુનઃ પ્રતિષ્ઠા સહ વિવિધ કાર્યક્રમ. |
| તા. ૨૩ નવેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. હિરલ શૈલેશ નરશી પીર લોડાયા, બાયઠ : દિક્ષા મહોત્સવઃ ભાંડુપમાં |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪, | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૯ થી ૧૧ ડીસેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. જિનલ રવિન્દ્ર નરશી લોડાયા, નલિયા-ચોપડાનું દિક્ષા મહોત્સવ, ચાલીસગામ. |
| તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ | કોટડી મહાદેવપુરીમાં ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ |

# તિરૂપુર સંઘમાં શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં પર્યુષણ પર્વની ભાવપૂર્વક ઉજવણી થઈ





આ વર્ષે દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસર ખાતે પર્યુષણ મહાપર્વની ભવ્ય ભાવ સાથે પ.પૂ.સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયસ્કરાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ઉજવણી થઈ.

પર્યુષણ પર્વ દરમ્યાન દિવસ પક્ષાલ, શક્રસ્તવ અભિષેક, સ્નાત્ર પૂજા, વ્યાખ્યાન મોટી પૂજા અને ભક્તિ ભાવના યોજાઈ હતી. પ્રભુજીની રંગોળી સાથે દરરોજ ભિન્ન ભિન્ન પ્રકારે આકર્ષક રીતે આંગી કરવામાં આવી હતી. કલ્પસૂત્ર પધરાવવાનો લાભ માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા વરાડિયા-તિરૂપુરએ, કલ્પસૂત્ર વોરાવવાનો લાભ દીપક કે.છેડા કુંદરોડી-તિરૂપુરએ લીધો હતો. તિરૂપુર સંઘે સ્વપ્ના માટે પરિવાર દીઠ રૂા.૧૧૦૦ નકરો રાખ્યો હતો અને વારાફરતી એક પછી એક પરિવારોને સ્વપ્નો નો લાભ મળ્યો હતો. અને તમામ પરિવારોને લાભ મળ્યો હતો. મોક્ષની બારીના લાભાર્થી અશોક ભંડારી, શાલીભદ્ર પેટીના લાભાર્થી પૂનમચંદ બોથરા, બરસાસૂત્ર વહોરાવવાના લાભાર્થી માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા દ્વારોધ્ધાટનના લાભાર્થી માતુશ્રી લલિતાદેવ ભંવરલાલ જૈન.

પારણાના દિવસે તપસ્વીના પારણા અને બહુમાન યોજાયા હતા. તપસ્વીઓને ખુલ્લી કારમાં વરઘોડામાં લઈ જવામાં આવ્યા હતા. ૩૬ ઉપવાસ ૧ સભ્ય, ૩૦ ઉપવાસ ૧ જણ, વરસીતપ ૩ જણ, ૧૮ ઉપવાસ ૧ સભ્ય, ૧૬ ઉપવાસ ૨ સભ્યોએ, ૧૩ ઉપવાસ ૧ સભ્ય અને લગભગ ૮૦થી વધુ સભ્યો માટે પર્યુષણ પર્વ દરમ્યાન એકાસણાની વ્યવસ્થા રાખેલ હતી.

જીવદયા ટીપ પણ કરવામાં આવી હતી. શ્રી સંઘ દ્વારા સ્વામી વાત્સલ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ વ્યવસ્થા શ્રી સુવિધિનાથ જૈન દેરાસર તિરૂપુરના ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવી હતી. સાંગલી, બાગલકોટથી મહેમાનો તિરૂપુર ખાતે ૮ દિવસ પર્યુષણ મહાપર્વ પ્રસંગે પધાર્યા હતા.



|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

# શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ

## શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ
## આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

**તીર્થ સંસ્થાપક :** શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

**તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક :** પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : સુજય નિલેશ મોતા (રાપરગઢવારી-કચ્છ)**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# મેકઅપ આર્ટિસ્ટ કુ.નિકિતા હેમંત નાગડાને લંડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડર્સ દ્વારા પ્રમાણપત્ર મળ્યું




CERTIFICATE
OF WORLD RECORD
This certificate is proudly presented to
NITIKA HEMANT SHAH
With a new spirit of heading up bright horizon it is Appreciated that you have created a record. This certificate verifies that you has been demonstrated exceptional skill & artistry in makeup design, mehandi competition. The deepest Concurs of hearts from the Green field of london book of world record so that you would enjoy the world being a Print of seat for all.
LONDON BOOK OF WORLD RECORD





સ્ત્રીઓ માટે સુંદર મેકઅપ કરી તૈયાર થવું એ તેમના જુસ્સાને અપ્રિતમ નિખાર આપે છે અને પ્રતિભાશાળી બનાવે છે. લાલાના અને કરાડમાં અભ્યાસ કરતા ૧૯ વર્ષીય કુ.નિકિતા હેમંત દિનેશભાઈ ધનજી શાહ-નાગડા બ્યુટી પાર્લર આર્ટિસ્ટ અને મહેંદી આર્ટિસ્ટ છે. ઓનલાઈન મેકઅપ ડિઝાઈન શો માં ભાગ લઈ અપવાદ રૂપ કૌશલ્ય અને કલાત્મકતા માટેની સ્પર્ધામાં સ્વ મેકઅપ આર્ટિસ્ટ તરીકે સહભાગી થવા બદલ તેણીને લંડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ યુ.કે.દ્વારા પ્રશંસા પ્રમાણપત્ર એનાયત કરાયું છે. લંડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ યુકેમાં મેકઅપ માટે આ ભારતનો બીજો રેકોર્ડ છે. આ સન્માન પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન.

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**મહેન્દ્રભાઈ લોડાયા**
તા.૨૩ સપ્ટેમ્બર (ઉ.૬૦)
મોટી ખાવડી-મુલુંડ



**લક્ષ્મીચંદભાઈ મૈશેરી**
તા.૨૫ સપ્ટેમ્બર (ઉ.૮૧)
નલિયા-ઘાટકોપર



**ધનલક્ષ્મીબેન મોતા**
તા.૨૫ સપ્ટેમ્બર (ઉ.૮૧)
કુવાપધ્ધર-જલગામ



**ધનપતિભાઈ નાગડા**
તા.૨૬ સપ્ટેમ્બર (ઉ.૮૦)
નલિયા-બેંગ્લોર



**લક્ષ્મીબેન મોતા**
તા.૨૭ સપ્ટેમ્બર (ઉ.૮૫)
નલીયા-થાણા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● કચ્છ પાટણ પ્રાંથળિયા આહીર સમાજ દ્વારા અંજારની ભાગોળે આવેલા ગોવર્ધન પર્વતની તળેટી ખાતે આહીર કન્યા માટેના વિશાળ શૈક્ષણિક સંકુલ ખાતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા અને હોસ્ટેલ સહિતની સુવિધા કાર્યરત છે. આ વિસ્તારમાં મહિલા કોલેજની જરૂરીયાત હતી. ટ્રસ્ટ મંડળ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ વ્યાપક માંગ મૂકાઈ જેને ગ્રાહ્ય રાખવામાં આવી છે. આહિર સમાજની બહોળી વસ્તી ધરાવતા આ વિસ્તારમાં આહિર સમાજની દીકરીઓ માટે પ્રથમ મહિલા કોલેજ શરૂ થવાથી સમગ્ર પંથકમાં ખુશીની લાગણી વ્યાપી છે. પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહિર પરિવાર દ્વારા આ કોલેજ શરૂ કરવા માતબર રકમનું દાન આપવામાં આવ્યું છે.

● ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસની કચેરી ગાંધીનગર દ્વારા ભુજ નગરપાલિકા ડિસ્ટ્રીક્ટ ફાયર સ્ટેશન, ફાયર અને ઈમરજન્સી સર્વિસીસની કચેરીને અંડરવોટર રોબોટ આપવામાં આવ્યો છે. આ રોબોટ પાણીની અંદર કેમેરાની મદદથી શબને શોધવામાં મદદ કરશે. તેમાં લાગેલ કેમેરાથી ઓપરેટરને સ્ક્રીનમાં રોબોટની ગતિવિધિ જોઈ શકાશે. આ રોબોટ સંપૂર્ણ રિમોટથી ચાલે છે. જેમાં અલગ અલગ લંબાઈના વાયરની મદદથી ૮૦ થી ૧૦૦ મીટરની ઊંડાઈ સુધી શોધખોળ કરી શકે છે. તેના આગળના ભાગમાં બોડી કેઅરની મદદથી શબને પકડીને કિનારા સુધી લઈ આવવામાં મદદરૂપ થશે.

● દેશના આર્થિક પાટનગર મુંબઈ અને કચ્છ વચ્ચે સંપર્ક માટે ચાવી રૂપ રેલવે સેવાને વિસતરવા અને હાલની સેવામાં લોક ભોગ્ય સુધારા કરવા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર સાથે બેઠક કરી કચ્છની રેલવે સંબંધિત અપેક્ષાઓ વિગતે ચર્ચા કરાઈ હતી. મુંબઈ અને ભુજ વચ્ચે અમૃત ભારત સ્લીપર કોચ સાથેની નવી ટ્રેન દૈનિક ધોરણે શરૂઆત કરવાની લેખિત રજૂઆત કરાઈ હતી. માજી સાંસદ ગોપાલ શેટ્ટીના વડપણ હેઠળ કચ્છ પેસેન્જર એસોસિએશનના હોદ્દેદારો અને સક્રીય કચ્છીઓએ આવેદન પત્ર રેલવેના જનરલ મેનેજરને સુપ્રત કર્યું હતું.

● અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે આવેલી કસ્તુરબા ગાંધી વિદ્યાલયમાં લાઈટ-પાણીની અસુવિધા બાબતે હોસ્ટેલમાં અભ્યાસ કરતી બાળાઓની વાલીઓ સાથે રેલી સ્વરૂપે નાયબ કલેક્ટરને આવેદન પત્ર અપાયું હતું. અવારનવાર લાઈટ કપાઈ જવાને કારણે ૧૦ થી ૧૫ દિવસ અંધારપટ રહે છે. ઈલેક્ટ્રોનિક ઉપકરણે લાઈટ પંખા પણ બગડી જ્યારે કારણે ગરમીમાં દિવસો કાઢવા પડે છે. હોસ્ટેલમાં નાહવા-કપડાં ધોવા માટે પાણીની પૂરતી સગવડ ન હોવાથી ટાંકા ખાલી પડ્યા રહે છે. હોસ્ટેલમાં ભૂતપ્રેતની અંધશ્રધ્ધા ફેલાવી બાલિકાઓમાં ભયનું માહોલ પેદા કરવામાં આવે છે. જેની લીધે અમુક બાલિકાઓ અધવચ્ચેથી હોસ્ટેલ અને પોતાનો અભ્યાસ છોડીને ચાલી જાય છે. એવી સતત રાવ વાલીઓની છે.

● વિકસિત ભારત ૨૦૪૭ મિશનમાં ટ્રાન્સપોર્ટ ક્ષેત્રનું યોગદાન મહત્વનું બની રહેવાનું છે એને આગળ વધારવા માટે દરરોજ નવું શીખતા રહેવાની ધગશ જ પ્રગતિનો મંત્ર છે એમ ટીવી નાઈન બિઝનેસ લીડર્સ પુરસ્કારોમાં લાઈફ ટાઈમ એચિવમેન્ટ પુરસ્કારથી સન્માનિત થયેલા મૂળ કચ્છી વીટ્રાન્સના અધ્યક્ષ અશોકભાઈ કુંવરજી શાહે પુરસ્કાર મેળવ્યા બાદ પ્રતિભાવમાં જણાવ્યું હતું. ટીવી નાઈન અને કોન્ટિનેન્ટલ ટાયર્સ આયોજિત લીડર્સ ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એવોર્ડ ૨૦૨૪ના ઝાકઝમાળ ભર્યા આયોજનમાં કેન્દ્રીય માર્ગ અને પરિવહન રાજ્યમંત્રી હર્ષ મલ્હોત્રાના હસ્તે અશોકભાઈ શાહનું સન્માન કરાયું હતું.




insurancekhoj.com™

the ultimate stop for insurance™

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA